C.C.NO.140624-2024

**આંક – ૧ લગત હુકમ**

આરોપી સામે ધી બી.એન.એસ. ની કલમ–૨૮૫ મુજબના ગુનાનો આરોપ છે. આરોપી આજરોજ ના.કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીને ગુના બાબતે પુછતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાનો ઈકરાર કરેલો છે. આરોપી આ કેસની શરૂઆતના તબકકે સ્વૈચ્છિક રીતે કોઈપણ જાતના દબાણ સિવાય ગુનો કબુલ કરે છે અને ગુના બદલ પસ્તાવો જાહેર કરતો હોય અને ભવિષ્યમાં આવો ગુનો નહીં કરે તેમ જણાવી પોતાની ઉપર દયા બતાવવા કોર્ટને અરજ કરેલી છે ત્યારે આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત અને આરોપીના સંજોગોને ઘ્યાનમાં રાખી દયા બતાવી ન્યાયના હીતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

**હુ ક મ**

આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૨૯ અન્વયે ધી બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના કામે તકસીરવાર ઠરાવી તેને કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂ. ૨૦૦/– ( અંકે રૂપિયા બસો પુરા ) દંડની શિક્ષા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૨(બે) ની સાદી કેદની શિક્ષા ભોગવવાની રહેશે.

હુકમ આજ તા. ૧૪/૦૯/૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪
અમદાવાદ.

(કુ.રૂચિતા વિકાસ રાજે)
૨૫ માં એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી
કોડ નં.જી.જે.૦૧૦૪૮